# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# GUJ-IMMIGRANTS

**અમદાવાદ અને સુરતમાં ગેરકાયદેસર રહેતા 900થી વધુ બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરાઇ છે.** એક જ રાત્રિમાં અમદાવાદ પોલીસે 890 અને સુરત પોલીસે 134 ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા છે. સુરત પોલીસ કમિશનરની કચેરી ખાતેથી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તમામ જિલ્લાના પોલીસ વડાઓ, રેન્જ વડા અને લૉ એન્ડ ઓર્ડર તેમજ આઈ.બીના ઉચ્ચ અધિકારીઓ સાથે વર્ચ્યુઅલી બેઠક યોજીને આ અભિયાનને વધુ સઘન બનાવવા અને કડક કાર્યવાહીના નિર્દેશ આપ્યા હતા.

**( બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી )**

આ બાંગ્લાદેશીઓ પૈકી મોટાભાગના લોકો બંગાળમાંથી બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરી ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા હતા. તે અંગે ઝીણવટપૂર્વક તપાસ જોઈન્ટ ઇન્ટ્રોગેશન સેન્ટર ખાતે ચલાવવામાં આવી રહી છે.

# ROJGAR MELO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, જ્યારે યુવાનો રાષ્ટ્ર નિર્માણમાં ભાગ લે છે, ત્યારે રાષ્ટ્ર ઝડપથી વિકાસ પામે છે અને વિશ્વમાં પણ પોતાની ઓળખ ઊભી કરે છે. શ્રી મોદીએ ઉમેર્યું, આજે દેશના યુવાનો પોતાની મહેનત અને નવીનીકરણ દ્વારા વિશ્વને બતાવી રહ્યા છે કે દેશમાં કેટલી ક્ષમતા છે. પ્રધાનમંત્રીએ આજે રોજગાર મેળામાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં 51 હજારથી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરતાં આ મુજબ જણાવ્યું હતું.

દરમિયાન, રાજ્યમાં પણ અમદાવાદ અને વડોદરામાં કેન્દ્રીય મંત્રીઓની ઉપસ્થિતિમાં રોજગાર મેળાનું આયોજન કરાયું. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ વડોદરામાં રોજગાર મેળામાં જણાવ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકાર યુવાનોને સશક્ત બનાવવા અને રોજગાર અને સ્વરોજગારની તકો વધારવા તેમની ક્ષમતા વિકસાવવા માટે સતત કામ કરી રહી છે. મેળા દરમિયાન અંદાજે 764 યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરાયું. જ્યારે કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભણિયાએ અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં 296 યુવાનોને નિમણૂક પત્રો અર્પણ કર્યા હતા. આ ઉપરાંત સુરતમાં યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટિલે 200થી વધુ યુવાનોને નિમણૂક પત્ર એનાયત કર્યા.

# JK HUMLO VIRODH

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાના વિરોધમાં આજે રાજ્યના કેટલીક જગ્યાએ બંધ પાળીને વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.

મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે, આતંકી હુમલાના વિરોધમાં લુણાવાડા સજ્જડ બંધ રહ્યું છે. લુણાવાડાના દરકોલી દરવાજા, આસ્થાના બજાર, માંડવી બજારના વેપારીઓ દ્વારા સ્વૈચ્છિક સજ્જડ બંધ પાળવામાં આવ્યું છે.

મોરબીમાં પણ યુવાનોએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવાની માગ કરી હતી.

છોટાઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે, બોડેલીના વેપારીઓએ વેપાર-ધંધા બંધ રાખીને આતંકી હુમલાનો વિરોધ દર્શાવ્યો. વેપારીઓએ બોડેલી, અલિપુરા અને ઢોકલિયાના બજારો બંધ રાખી બંધને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું.

# TAPI SUVIDHA

ગરમીના પ્રકોપને ધ્યાને રાખી તાપીના વ્યારાની સિવિલ હૉસ્પિટલમાં દર્દીઓ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં, કેટલાક દર્દીઓ લૂ-નો શિકાર બને છે. તેમને મદદરૂપ થવા માટે સિવિલ હૉસ્પિટલમાં અલગ વૉર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ હૉસ્પિટલના નિવાસી તબીબી અધિકારી ડૉક્ટર ધનસુખ ગામિતે જણાવ્યું હતું.

**(BYTE: DR. DHANSUKH GAMIT, RMO, TAPI CIVIL HOSPITAL)**

# HAVAMAN

રાજ્યમાં આગામી બે દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી સાત દિવસ હવામાન શુષ્ક રહેશે. તેમજ મહત્તમ તાપમાનનો પારો 43 ડિગ્રી સુધી જઈ શકે છે.

દરમિયાન છોટાઉદેપુર જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો છે. જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે, સવારે 10 મિનિટ સુધી વરસાદ થતાં લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી છે. જોકે, વરસાદના કારણે કેરીના પાકને નુકસાનની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રાજકોટમાં નોંધાયું હતું. જ્યારે કંડલા હવાઈમથક, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી, ભુજ, અમરેલી, ડીસા અને ગાંધીનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું હતું. આ સિવાયના જિલ્લાઓ અને શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો 41 ડિગ્રી અને તેનાથી ઓછો રહ્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**